# 15

**બોટાદ જીલ્લામાં સિવિલ હોસ્પિટલ અને સરકારી મેડીકલ કોલેજ બનાવવા બાબત**

***15/4/1196 શ્રી ઉમેશભાઈ નારણભાઈ મકવાણા** (બોટાદ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ બોટાદ જીલ્લામાં સિવિલ હોસ્પિટલ અને સરકારી મેડીકલ કોલેજ માટેની જમીન કઈ જગ્યાએ ફાળવવામાં આવેલ છે, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ બોટાદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ અને મેડીકલ કોલેજ બનાવવા માટે મોજે નાંગલપુર ગામ ખાતે સર્વે નંબર–૧૯૬/૧ અ/૧પૈકી૧ તથા સર્વે નંબર–૧૯૬/૧ અ/૧ પૈકી ૧૫ની જગ્યા ફાળવવામાં આવેલ છે. |
| (૨) | આ સિવિલ હોસ્પિટલ અને સરકારી મેડીકલ કોલેજનું કામ ક્યા તબક્કે છે. | (૨) | આરોગ્ય નીતિ – ૨૦૧૬ અંતર્ગત રાજ્યના બોટાદ જિલ્લા ખાતે નવી સ્વનિર્ભર (બ્રાઉન ફીલ્ડ)મેડીકલ કોલેજ શરૂ કરવા માટે ઈચ્છુક સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવેલ છે. જે વિચારણા હેઠળ છે. |
| (૩) | સિવિલ હોસ્પિટલ અને મેડીકલ કોલેજના બાંધકામ માટે નાણાકીય વર્ષ–૨૦૨૩–૨૪ માટે કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી, અને | (૩) | રૂ.૫૦ લાખની ટોકન જોગવાઈ કરવામાં આવેલ છે. |
| (૪) | ઉક્ત કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે. | (૪) | હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------------